RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 293* Date: 21.08.2020 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વડાપ્રધાને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના પરિણામો જાહેર કર્યા

# સ્વચ્છતા સર્વેક્ષણ: ઈન્દોર સતત ચોથીવાર નંબર-૧, સુરત બીજા સ્થાને

## સ્વચ્છતા સર્વેમાં સુરતની મોટી છલાંગ ૧૪મા સ્થાનેથી બીજા સ્થાને પહોંચ્યુ, નવી મુંબઇ ત્રીજા, વિજયવાડા ચોથા, અમદાવાદ પાંચમા સ્થાને

*ન્યુ દિલ્હી,તા.૧૯*

કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયે સ્વચ્છતા સિટી સર્વે રિપોર્ટની જાહેરાત કરી છે. સતત ચોથા વર્ષે ઈન્દૌર, દેશનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે. બીજા નંબર પર ગુજરાતનું સુરત અને ત્રીજા નંબરે નવી મુંબઈનો સમાવેશ થાય છે. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઈન્દૌરના લોકોનો આભાર માન્યો છે.

બીજી બાજુ એક લાખથી વધુની કેટગરીમાં સુરત બીજા ક્રમે આવ્યું છે. અગાઉ ૧૪માં ક્રમેથી સુરત આ વર્ષે બીજા ક્રમે પહોંચ્યું છે. હરદીપ પુરીએ સુરત માટે સીએમ વિજય રૂપાણીની પ્રશંસા કરી હતી, જ્યારે નવી મુંબઈની સફળતા માટે સીએમ ઉદ્ધવ ઠાકરેને શુભેચ્છા પાઠવી હતી.

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા જાહેર કરવામાં આવેલા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૦ના પરિણામમાં ઈન્દૌર ફરી પ્રથમ ક્રમે રહ્યું છે. કુલ ૬૦૦૦ માર્કસમાંથી ઈન્દૌરને ૫૬૪૭.૫૬ માર્કસ મળ્યા છે. જ્યારે સુરત ૫૫૧૯.૫૯ માર્કસ સાથે દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે.સુરતને આ માર્કસમાં સર્ટિફિકેશન, સર્વિસ લેવલ પ્રોગ્રેસ, ડાયરેક્ટ ઓબ્ઝર્વેશન, સિટીઝન ફિડબેકના આધારે આપવામાં આવ્યાં છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણની પાંચમી આવૃતિ 'સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૨૦' ના પરિણામો જાહેર કર્યા હતા. સતત ચોથી વાર ઈન્દોરને દેશના સૌથી સ્વચ્છ શહેરનું બિરુદ મળ્યું. આ સમયગાળા દરમિયાન, સ્વચ્છતા પર વધુ સારું પ્રદર્શન



કરનારા શહેરોને પણ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. તે જ સમયે પીએમ મોદીએ દેશના કેટલાક 'સ્વચ્છગરીઓ' અને સફાઈ કામદારો સાથે પણ વાતચીત કરી હતી.

ટોપ ૨૦ શહેરોમાં પ્રથમ નંબરે ઈન્દોર, બીજા નંબરે સુરત, ૩જા નંબરે નવી મુંબઈ, ચોથા નંબરે વિજયવાડા, પાંચમા નંબરે અમદાવાદ, છઠ્ઠા નંબરે રાજકોટ, સાતમા નંબરે ભોપાલ, આઠમા નંબરે ચંડીગઢ, નવમા નંબરે વિશાખાપટ્ટનમ, દસમા નંબરે વડોદરા છે. ત્યારબાદ અનુક્રમે ૧૧મા નંબરે નાસિક, ૧૨મા ક્રમે લખનઉ, ૧૩મા ક્રમે ગ્વાલિયર, ૧૪મા ક્રમે થાણે, ૧૫મા નંબરે પુણે, ૧૬મા ક્રમે આગ્રા, ૧૭મો ક્રમ જબલપુરનો, ૧૮મા ક્રમે નાગપુર, ૧૯મા ક્રમે ગાઝિયાબાદ અને ૨૦મા ક્રમે પ્રયાગરાજ આવે છે.

દેશના સ્વચ્છ શહેરોની યાદીમાં ઈન્દોર પછી બીજા નંબરે સુરત અને ત્રીજા સ્થાને નવી મુંબઈ આવ્યું છે. કેન્દ્રીય પ્રધાન હરદીપ પુરીએ પણ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને અભિનંદન આપ્યા હતા. છત્તીસગઢને સૌથી સ્વચ્છ રાજ્ય જાહેર કરાયું હતું.

આ પહેલા જાન્યુઆરીમાં પહેલા ક્વાર્ટરની અને આજે બીજા અને ત્રીજા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત કરી છે. આમ ત્રણ ક્વાર્ટરના પરિણામ જાહેર થયા છે. જેમાં સમગ્ર દેશમાં સુરત બીજા સ્થાને જ્યારે અમદાવાદ ૫માં, રાજકોટ છઠ્ઠા અને વડોદરા ૧૦ ક્રમે રહ્યું છે. જ્યારે વર્ષ ૨૦૧૯માં અમદાવાદ ૬ઠ્ઠા ક્રમે અમદાવાદ, રાજકોટ ૯માં નંબર પર, સુરત ૧૪માં નંબરે અને વડોદરા ૭૯ ક્રમે રહ્યું હતું.

આમ અમદાવાદ એક રેક્રની, સુરતે ૧૨ રેક્રની, રાજકોટે ૩ રેક્રની જ્યારે વડોદરા ૬૯ રેક્રની સૌથી મોટી છલાંગ લગાવી ટોપ ૧૦માં પહોંચી ગયું છે.

સ્વચ્છ સર્વેક્ષણની શરૂઆત દેશના નાગરિકોમાં સ્વચ્છતામાં ભાગીદારી વધારવા માટે કરવામાં આવી હતી. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૦ છેલ્લા ૨૮ દિવસમાં પૂર્ણ થયું છે. ગુરુવારે યોજાનારા 'સ્વચ્છ મહોત્સવ' માં 'સ્વચ્છ સર્વેક્ષણ રિપોર્ટ સિવાય સ્વચ્છ સર્વેક્ષણ ઈનોવેશન, સ્વચ્છ સર્વેક્ષણ સોશ્યલ મીડિયા અને ગંગાના કાંઠે આવેલા શહેરો'નો પણ અહેવાલ જાહેર કરાયો હતો.

સતત ત્રણ વર્ષ સુધી ટોપ પર રહ્યું ઈન્દૌર

તમને જણાવી દઈએ કે સ્વચ્છતા સર્વેક્ષણની પહેલી આવૃત્તિમાં મૈસુરુને ભારતના સૌથી સ્વચ્છ શહેરનો ખિતાબ મળ્યો હતો. તે જ સમયે મધ્યપ્રદેશનું ઈન્દોર શહેર સતત ત્રણ વર્ષ ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯માં સૌથી સ્વચ્છ જાહેર કરાયું હતું.

# ભારતના આર્થિક વૃદ્ધિ દરમાં હજુ ઘટાડો થાય તેવી શક્યતા: વિશ્વ બેન્ક




*ન્યુ દિલ્હી,તા.૧૯*

વિશ્વ બેંકે આજે ભારતને ઝાટકારૂપ સંકેત આપતાં જણાવ્યુ છે કે, ભારત માટે આર્થિક વૃદ્ધિના અનુમાનને હજુ વધારે ઘટાડવામાં આવી શકે છે. સાથે એમ પણ કહ્યું કે, કોવિડ ૧૯ સંકટથી બહાર આવવા માટે હેલ્થ, શ્રમ, ભૂમિ સહિતના ૭ ક્ષેત્રોમાં રિફોર્મની જરૂર છે. વિશ્વ બેંકે મે મહિનામાં અનુમાન લગાવ્યું હતું કે, ભારતની અર્થવ્યવસ્થામાં વિત્ત વર્ષ ૨૦૨૦-૨૧માં ૩.૨ ટકાનો ઘટાડો આવવાની આશંકા છે અને આગામી વિત્ત વર્ષમાં ફરીથી ઈકોનોમીની ગાડી પાટા પર આવી શકે છે.

વર્લ્ડ બેંકે એક રિપોર્ટમાં કહ્યુ કે, હાલના અઠવાડિયામાં મુશ્કેલીઓ સામે આવી છે. અને તેને લીધે નજીકના ભવિષ્યમાં સંભાવનાઓ પર અસર પડી શકે છે. આ જોખમોમાં વાયરસનું સંક્રમણ વધવું, વૈશ્વિક ઈકોનોમીમાં ઘટાડો તથા નાણાકીય ક્ષેત્ર પર વધારાનું દબાણ સહિતના અનુમાન સામેલ છે. બેંકે કહ્યું કે, આ વસ્તુઓને ધ્યાનમાં રાખતાં, સંશોધિત પરિદ્રશ્યમાં તીવ્ર ઘટાડાનું અનુમાન રાખી શકાય છે. સંશોધિત પરિદ્રશ્ય ઓક્ટોબર ૨૦૨૦માં ઉપલબ્ધ થસે.

વિશ્વ બેંકનું અનુમાન છે કે, ભારતની નાણાકીય ખાદ્ય ચાલુ નાણાકીય વર્ષમાં વધીને ૬.૬ ટકા થઈ શકે છે અને બાદના વર્ષમાં ૫.૫ ટકાના ઉચ્ચ સ્તરે બની રહી શકે છે. અર્થવ્યવસ્થા પર મહામારીનો પ્રભાવ એવા સમયે પડ્યો છે કે જ્યારે પહેલીથી જ અર્થવ્યવસ્થામાં ઘટાડો થઈ રહ્યો હતો. ૨૦૧૭-૧૮માં દેશની જીડીપી ૭ ટકા હતી. જે ૨૦૧૮-૧૯માં ઘટીને ૬.૧ ટકા, તો ૨૦૧૯-૨૦માં ૪.૨ ટકા પર આવી ગઈ છે.

વિશ્વ બેંકે કહ્યુ કે, જો કે ભારતે નીતિગત મોરચા પર અનેક સુધારાઓ પણ કર્યા છે. તેમાં કંપની દરમાં કાપ, નાના કારોબારીઓ માટે રેગ્યુલેટરી છૂટછાટ, વ્યક્તિગત ઈક્રમ ટેક્સના દરમાં કાપ સહિતના સુધારા સામેલ છે. પણ મહામારીને કારણે અપેક્ષિત પરિણામો મેળવી શકવાની આશા ઓછી છે. વર્લ્ડ બેંકે કહ્યું કે, પણ હવે પરિપ્રેક્ષ્ય બદલાઈ ગયો છે અને ચાલુ નાણાકીય વર્ષમાં અર્થવ્યવસ્થામાં ઘટાડો આવશે.

### ૭૦,૦૦૦ કરતાં વધુ પોઝિટિવ કેસ સાથે કુલ કેસનો આંકડો ૨૮.૩૩ લાખને પાર

# વિશ્વમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ ભારતમાં નોંધાયા



*ન્યુ દિલ્હી,તા.૧૯*

દેશમાં બુધવારે કોરોના વાયરસના નવા નોંધાયેલા કેસોએ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે, દેશમાં પહેલીવાર ૭૦,૦૦૦ કરતા વધારે કેસ એક જ દિવસમાં નોંધાયા છે. વધુ ૭૦,૧૦૧ કેસ સાથે કુલ કેસનો આંકડો ૨૮ લાખને પાર કરીને ૨૮,૩૩૦૧૫ થયો છે. આ સાથે ૯૭૯ નવા કેસ નોંધાયા છે, જેની સાથે કુલ મૃત્યુઆંક ૫૩,૯૨૯ થયો છે.

દેશમાં તાજા કેસનો નવો રેકોર્ડ નોંધાયો છે ત્યારે સૌથી વધારે ૧૩,૦૦૦ કરતા વધુ ૧૩,૧૬૫ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. આ સિવાય અન્ય ૭ રાજ્યો છે જ્યાં નવા નોંધાયેલા કેસોએ રેકોર્ડ તોડ્યા છે. આ પહેલા મહારાષ્ટ્રમાં ૮ ઓગસ્ટના રો ૧૨,૮૨૨ કેસ નોંધાયા હતા.

દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૬,૮૮,૧૬૨ થઈ ગઈ છે. જ્યારે કુલ ૨૦,૯૦,૯૨૪ દર્દીઓ વાયરસને હરાવીને સાજા થઈ ગયા છે- આ સાથે રિકવરી રેટ ૭૩.૮% પર પહોંચ્યો છે.

## ૯૭૯ નવા મોત સાથે કુલ મૃત્યુઆંક ૫૩૯૨૯એ પહોંચ્યો, રિકવરી રેટ ૭૩%ને પાર પહોંચી ગયો

ઓગસ્ટના પાછલા ૧૯ દિવસમાં મહારાષ્ટ્રમાં ૨.૦૭ લાખ નવા કેસ ઉમેરાયા છે, જ્યારે જેમાંથી માત્ર ૯.૩% એટલે કે ૧૯,૩૩૧ કેસ મુંબઈમાં નોંધાયા છે. રાજ્યમાં પાછલા ૩૦ દિવસથી ૧.૫ લાખ એક્ટિવ કેસ રહ્યા બાદ આંકડો ૧.૬ લાખ પહોંચ્યો છે. મહારાષ્ટ્રમાં વધુ ૩૪૬ મૃત્યુઆંક નોંધાયા છે, આ સાથે કુલ મૃત્યુઆંક ૨૧,૦૦૦ને પાર કરીને ૨૧,૦૩૩ થયો છે. જ્યારે મુંબઈ ૩૪૬માંથી ૪૬ મૃત્યુઆંક બુધવારે નોંધાયો હતો.

મહારાષ્ટ્રા પછી કર્ણાટકમાં સૌથી વધારે ૧૨૬ મૃત્યુ નોંધાયા, જ્યારે તામિલનાડુમાં ૧૧૬ મૃત્યુ નોંધાયા છે. મહારાષ્ટ્ર સિવાય અન્ય રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશમાં એક દિવસમાં રેકોર્ડ કેસ નોંધાયા છે, જેમાં કેરળમાં ૨૩૩૩, યુપીમાં ૫૧૫૬, ઝારખંડમાં ૧૨૬૬, પંજાબમાં ૧૬૯૩, હરિયાણામાં ૯૯૪, છત્તીસગઢમાં ૭૫૯ અને જમ્મુ-કાશ્મીરમાં ૭૦૮ કેસ નોંધાયા છે.

કેરળમાં પહેલીવાર નવા કેસનો આંકડો ૨૦૦૦ને પાર ગયો છે. આ સાથે કુલ કેસનોં આંકડો ૫૦,૦૦૦ને પાર કરીને ૫૦,૨૩૧ પર પહોંચી ગયો છે. તો આંધ્રપ્રદેશમાં નવા ૯,૭૪૨ કેસ નોંધાયા છે.

આંકડા મુજબ દેશમાં સૌથી વધુ એક્ટિવ કેસ મહારાષ્ટ્રમાં છે. મહારાષ્ટ્રમાં દોઢ લાખથી વધુ સંક્રમિતોની હોસ્પિટલોમાં સારવાર ચાલુ છે. ત્યારબાદ બીજા નંબરે તામિલનાડુ, ત્રીજા નંબરે દિલ્હી, ચોથા નંબરે ગુજરાત અને પાંચમા નંબરે પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. એક્ટિવ કેસના મામલે દુનિયામાં ભારતનું ત્રીજુ સ્થાન છે.

કોરોના સંક્રમિતોની સંખ્યા પ્રમાણે ભારત દુનિયાનો ત્રીજો સૌથી વધુ પ્રભાવિત દેશ છે. અમેરિકા અને બ્રાઝિલ બાદ કોરોના મહામારીથી સૌથી વધુ પ્રભાવિત દેશ ભારત છે. એક જ દિવસમાં કેસની સંખ્યા જોઈએ તો અમેરિકા અને બ્રાઝિલમાં ક્રમશ: ૪૩,૨૩૭ અને ૪૮,૫૪૧ નવા કેસ એક દિવસમાં જોવા મળ્યાં છે. જ્યારે ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૯,૬૫૨ નવા કેસ નોંધાયા છે.

# બાંગ્લાદેશ ભારતને પ્રાથમિકતા સાથે કોરોનાની રસી ઉપલબ્ધ કરાવશે

*ઢાકા,તા.૧૯*

દુનિયામાં કોરોના વાઈરસનો કહેર મચી ગયો છે. દુનિયા કોરોના વાઈરસથી બચવા માટે વેક્સિનની શોધમાં લાગેલી છે. આ દરમિયાન બાંગ્લાદેશનું કહેવુ છે કે ભારત બાંગ્લાદેશને પ્રાથમિકતા સાથે કોરોના વાઈરસની વેક્સિન ઉપલબ્ધ કરાવશે.

એક રિપોર્ટ અનુસાર ઢાકાના ઉચ્ચ રાજદૂતે કહ્યુ કે બાંગ્લાદેશ કોરોના વેક્સિનને પ્રાથમિકતાના આધારે ભારત પાસેથી પ્રાપ્ત કરશે. જોકે, ભારતીય વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલા અત્યારે બાંગ્લાદેશના પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન શ્રૃંગલાએ ઢાકામાં પોતાના સમકક્ષ બાંગ્લાદેશના વિદેશ સચિવ મસૂદ બિન મોમેન સાથે મુલાકાત કરી. સાથે જ બંનેએ કોરોના વાઈરસ મહામારી વચ્ચે દ્વીપક્ષીય સંબંધોને વધારવાની રીત પર વાતચીત કરી. શ્રૃંગલા સાથે મુલાકાત બાદ બાંગ્લાદેશના વિદેશ સચિવ મસૂદ બિન મોમેને કહ્યુ કે કોરોના વેક્સિન ભારત સુધી સીમિત રહેશે નહીં. અમને આશ્વાસન આપવામાં આવ્યુ છે કે ભારત અમને પ્રાથમિકતાના આધારે કોરોના વેક્સિન પ્રદાન કરશે. દેશની દવા કંપનીઓ આ વિશે સહયોગ કરી શકશે. આ દરમિયાન બિન મોમેને ભારતના સીરમ સંસ્થા સાથે વેક્સિન વિશે પણ જાણકારી આપી. બંને દેશો વચ્ચે આ ચર્ચા એવા સમયે થઈ છે જ્યારે કેટલાય દિવસો પહેલા જ બાંગ્લાદેશ મેડીકલ રિસર્ચ કાઉન્સિલ દ્વારા ચીન કોસિનોવેક બાયોટેક લિમિટેડ દ્વારા નિર્મિત એન્ટિ-કોવિડ ૧૯ વેક્સિનના ત્રીજા તબક્કાના માનવ પરીક્ષણ કરવાની અનુમતી આપી છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા: ૧૧૭૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૩૨૬૨

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૬

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૧૨૩

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૬૫૯૫૩

# Gmailનું સર્વર ડાઉન, ભારત સહિત ૧૧ દેશોમાં ઈમેલ સર્વિસ ખોરવાઈ

*ન્યુ દિલ્હી,તા.૧૯*

ગૂગલની ઈ-મેઈલ સર્વિસ જીમેઈલની સર્વિસ વૈશ્વિક સ્તરે ખોરવાઈ હોવાથી હેકિંગની આશંકા પ્રબળ બની છે. સવારે ૧૦ વાગ્યા પછી ભારત સહિતના કેટલાંક દેશોમાં જીમેઈલની સેવાઓ યથાવત કામ ન કરતી હોવાની ફરિયાદો આવી હતી. બાદમાં ગૂગલે પણ પોતાના સત્તાવાર ગૂગલ એપ પેજ પર જીમેઈલની સેવાઓ ખોરવાઈ હોવાનું કબૂલ્યું હતું. અલબત્ત, સત્તાવાર કારણ હજુ આપવામાં આવ્યું નથી.

ગૂગલ ડ્રાઈવમાં પણ ફાઈલ અપલોડ કે ડાઉનલોડ થવામાં મુશ્કેલી થઈ રહી હોવાની ફરિયાદો થયા બાદ ગૂગલે ડ્રાઈવની સેવાઓ પણ ખોરવાઈ હોવાનું સ્વીકાર્યું હતું. ઉલ્લેખનીય છે કે, દુનિયાભરમાં ૧૫૦ કરોડ અને ભારતમાં ૩૬.૫ યુઝર્સ ધરાવતી આ સર્વાધિક લોકપ્રિય મેઈલિંગ સર્વિસ છે અને તેના ખોરવાવાથી વિશ્વભરમાં મુશ્કેલી સર્જાઈ શકે છે.

લોકોએ વિશ્વના પ્રિય ફરિયાદ બોર્ડ ટ્વિટર પર આ લાગણીઓને પહોંચાડી છે. ઘણાને જીમેઈલ અપ્રાપ્ય હોવાની ફરિયાદો કરી છે. છે, ખાસ કરીને જ્યારે તમારે હોમથી કામ કરતી વખતે આવી સેવાઓ પર આધાર રાખવો પડે છે.

જીમેઈલ ડાઉન હોવાનો વિશ્વભરમાં હોબાળો મચ્યો છે. કેટલાક દેશોના વપરાશકર્તાઓ તેમના મેઈલ્સમાં દસ્તાવેજો જોડાણ કરવામાં સમસ્યાઓની જાણ કરી રહ્યાં છે. અશ્વનીએ એન ટ્વિટરને કહ્યું, "ક્યારેય વિચાર્યું ન હતું કે જીમેલમાં સર્વર ડાઉન થઈ શકે છે અથવા તકનીકી સમસ્યાઓ થઈ શકે છે!

## તંત્રી સ્થાનેથી...

# કોરોના કાયદાનુ પાલન લોકોએ જ કરવાનું... નેતા કે કાર્યકરોએ નહી....?

વિશ્વમાં કોરોના મહામારીના આતંક વચ્ચે રશિયાએ કોરોના મારક રસી શોધી કાઢી હોવાનો દાવો કર્યો છે... પરંતુ ડબલ્યુ એચ ઓ, અમેરિકા સહિત અનેક દેશોએ રશિયાના દાવાની વાતને શંકાથી જોઈ રહ્યા છે. અને સ્વીકારવા તૈયાર નથી. ત્યારે વિશ્વના ૧૨૨ જેટલા દેશો કોરોનાની દવા શોધી રહ્યા છે. તેમાં પણ ગુજરાતની ઝાયડઝ કંપનીએ કોરોના નાથવાના ઈન્જેક્શન તૈયાર કરી દીધા છે. આ કંપની પ્રથમ તબક્કે સરકારી હોસ્પિટલોને આ દવા પૂરી પાડવાની છે. તેમજ દરરોજ નવ લાખ જેટલા ઈન્જેક્શન ઉત્પાદન કરનાર છે જેમાં આ કંપનીએ અન્ય એક દવા ઉત્પાદન કરતી કંપની સાથે આયોજન કર્યુ છે. કેન્દ્ર સરકારે દેશભરમાં લોકડાઉનમા છૂટછાટ આપવા સાથે કોરોનાથી બચવાના નીતિનિયમો દરેકે ફરજિયાત પાલન કરવાનો નિર્ણય કરી દીધો છે અને તેનો અમલ પણ કરવામાં આવ્યો છે. દેશ ભરમાં કેન્દ્ર સરકારના જાહેર કરેલ નિયમોનું પાલન મોટાભાગના લોકો કરી રહ્યા છે. છતાં કેટલાક નાસમજ લોકો તેનું પાલન કરનાર કરતા નથી. પરંતુ નોંધનીય સવાલી ચર્ચા એ બની રહી છે કે દેશ ભરમા જે તે રાજકિય પક્ષ દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમોમાં કોઈ પણ પ્રકારનું આ નિયમોનું પાલન કરવામાં આવતું નથી....! જાણે કે કાયદો માત્ર કોમન માટે જ હોય તેમ લોકોએ ફરજીયાત પાલન કરવાનું નહીં તો દંડ ભરવાનો...સરકારની આ કેવી નીતિ તેવી સવાલી ચર્ચાઓ આમ પ્રજામાં ઉઠી ઉઠવા પામી છે. દિલ્હીમાં ભાજપના નેતા સંબિત પાત્રાએ માસ્ક વેચવા સાથે નિયમ ભંગની શરૂઆત કરી હતી. જે આજદિન સુધી ચાલી રહી છે. તેમાં પણ ભાજપાના કાર્યક્રમ હોય કે ભાજપા સરકારના હોય. ગુજરાતમાં વિધાનસભા સંકુલ ખાતે રાજ્યસભાના ઉમેદવારો ચૂંટવા માટે મતદાન થયું અને પરિણામ આવ્યા બાદ ભાજપાના ચૂંટાયેલા ત્રણેય ઉમેદવારોને અભિનંદન આપવા ભાજપાના ધારાસભ્યો અને નેતાઓ ઊમટી પડ્યા હતા. જેમાં ચૂંટાયેલા સાંસદો સહિત સૌ કોઈએ પણ મોઢે માસ્ક ન હતા તો દ્વૈજંફ્હષ્ઠી પણ જાળવવામા આવ્યુ ન હતું. અને આ ઘટના બાદ થોડા દિવસો પછી માનવંતા અધ્યક્ષશ્રીએ ત્રણેક કર્મચારીને માસ્ક ધારણ કરેલ ન હોવાથી દંડ ફટકાર્યો હતો.... ત્યારે આને શું કહેવાય....?

ગુજરાતમાં કેટલીક નગર પાલિકા પ્રમુખોની સમયમર્યાદા પૂરી થતી હોવાથી જે તે નગરપાલિકાના નવા પ્રમુખ સહિત હોદ્દેદારો નક્કી કરવા મિટિંગોનો દોર ચાલી રહ્યો છે ત્યાં પણ અનેકો માસ્ક વગરનાજ હોય છે. તો તાજેતરમાં પ્રદેશ ભાજપાના નવા વરાયેલા પ્રમુખ શ્રીસીઆર પાટીલે ભાજપા સંગઠન માળખામાં ફેરફાર કરવાને લઈને સૌરાષ્ટ્ર વિસ્તારની ત્રણ દિવસની મુલાકાતે નીકળ્યા ત્યારે જે તે વિસ્તારોમા તેમનું જે રીતે સ્વાગત થયું તેના ફોટા, વિડીયો વાયરલ થયા...જેમા ખૂદ નેતાઓએજ માસ્ક ધારણ કર્યા ન હતા અને કાર્યકરો પણ એ જ હાલતમાં હતા. તો ડિસ્ટન્સ જાળવવાનો પણ સરેઆમ ભંગ થયો હતો. ત્યારે સોમનાથમાં દર્શન સમયે જ આવીજ સ્થિતિ બની રહી હતી. તથા જ્યાં જમવાની વ્યવસ્થા કરી હતી તે સ્થળ કોરોના હોસ્પિટલ સામે જ હતું અને ૩૦૦ થી ૩૫૦ વ્યક્તિએ શાહી ભોજન કર્યું હતું. પરંતુ માસ્ક અને દ્વૈજંફ્હષ્ઠી ગાયબ રહ્યા હતા. આને શું કહેવાય....? એ સવાલ આમ પ્રજામાં ઉઠવા પામ્યો છે કારણ કે રાજકોટમાં આપના આગળીના વેઢે ગણાય એટલા કાર્યકરોએ ૧૫ મી ઓગસ્ટ ધ્વજ વંદન કરતા રાષ્ટ્રીય ગીત ગાતા હતા અને તે પણ માસ્ક સાથે ડિસ્ટન્સ જાળવીને છતાં પોલીસે તે સ્થળ પર પહોંચી ગઈ અને ધ્વજ વંદન અટકાવી દીધું- રાષ્ટ્રીય ધ્વજ ઉતરાવીને તમામની અટકાયત કરી.... તો આ રાષ્ટ્રીય ધ્વજ અને રાષ્ટ્ર ગીતનું અપમાન ન કહેવાય....? તેવી સવાલી ચર્ચાઓ આમ પ્રજામાં ચાલી રહી છે, અને સવાલ કરે છે કે કાયદાનું પાલન માત્ર લોકોએજ કરવાનું....? કાયદો સામાન્ય પ્રજા માટે જ છે.... ભાજપ નેતા કે કાર્યકરો માટે નહીં......?! વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૧-૮-૨૦૨૦, શુક્રવાર, ભાદરવા સુદ-૩
સૂર્યોદય-૬-૨૭, સૂર્યાસ્ત-૭-૧૨, જૈન નવકારશી-૭-૧૫,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૨૭થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૪ સુધી, ૧૨-૫૦થી શુભ-૧૪-૨૫ સુધી, ૧૭-૩૬થી ચલ-૧૯-૧૨ સુધી, ૨૨-૦૧થી લાભ-૨૩-૨૫ સુધી

**- શુભ હોરા-**

૬-૨૭થી ૯-૩૯ સુધી, ૧૦-૪૨ થી ૧૧-૪૬ સુધી, ૧૩-૫૩ થી ૧૭-૦૫ સુધી, ૧૮-૦૮ થી ૧૯-૧૨ સુધી



ભુવનેશ્વરમાં આગામી ગણેશ ચતુર્થી ઉત્સવની વર્કશોપમાં એક કારીગર ભગવાન ગણેશની મૂર્તિઓ તૈયાર કરે છે.



સ્વર્ગસ્થ રાજીવ ગાંધીના પુત્ર અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાના પિતાને યાદ કરતા એક ભાવુક પોસ્ટ લખી છે. તેમણે ટ્વીટ કરીને લખ્યું કે, રાજીવ ગાંધી તેમના સમયમાં બહું દૂરનું વિચારનારા એક મહાન વ્યક્તિ હતા. તેઓ પોતાના સમય કરતા ઘણા આગળ હતા તેમજ તેઓ એક દયાળુ અને પ્રેમાળ વ્યક્તિ હતા. હું ખૂબ જ ભાગ્યશાળી છુ તેમજ મને ગર્વ છે કે તમે મારા પિતા છો. અમે તમને આજે અને હંમેશા યાદ કરીએ છીએ.

# સુશાંત કેસની સ્થિતિ દાભોલકર હત્યા કેસ જેવી ન થાય તો સારૂઃ શરદ પવાર



*મુંબઈ,તા.૧૯*

એનસીપીના વડા શરદ પવારે કહ્યું હતું કે સુશાંત સિંઘ રાજપૂતના કેસમાં સીબીઆઇ દ્વારા તપાસ કરવાના સુપ્રીમ કોર્ટના આદેશને હું આવકારું છું. મને આશા છે કે સુશાંતના કેસમાં નરેન્દ્ર દાભોલકર હત્યા કેસ જેવું નહીં થાય. દાભોલકરની હત્યાની તપાસ પણ સીબીઆઇ કરી રહી હતી પરંતુ હજુ સુધી કેસનો કોઇ નિવેડો આવ્યો નથી.

તેમણે એમ પણ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે સુશાંત કેસમાં સીબીઆઇને તપાસ સોંપી એ ચુકાદાને માન આપીને મહારાષ્ટ્ર રાજ્ય સરકાર સીબીઆઇને પૂરતો સહકાર આપશે. તેમણે તરત ઉમેર્યું હતું કે મને એમ લાગે છે કે ડૉક્ટર નરેન્દ્ર દાભોલકર હત્યા કેસની જેમ સુશાંત કેસની તપાસ આગળ નહીં વધે. છેક ૨૦૧૪માં સીબીઆઇએ દાભોલકર હત્યા કેસની તપાસ શરૂ કરી હતી. હજુ સુધી એનો નિવેડો આવ્યો નથી. દાભોલકરની હત્યા કોણે શા માટે ક્યાં કેવી રીતે કરી એની વિગતો સીબીઆઇ હજુ પણ શોધી શકી નથી અને દાભોલકરની હત્યાના કેસનું હજુ સુધી કોઇ પરિણામ આવ્યું નથી. સુશાંતના કેસમાં એવું નહીં થાય એવી હું આશા રાખું છું.

### દરેક ભારતીય ક્રિકેટરમાં તમારા યોગદાન બદલ આભારી છે

# તમારા સંન્યાસથી ૧૩૦ કરોડ ભારતીયો નિરાશઃ વડાપ્રધાનનો ધોનીને પત્ર



*ન્યુ દિલ્હી,તા.૧૯*

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસના રોજ ૧૯.૨૯ કલાકે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસની ઘોષણા કરી હતી. ધોનીના આ એલાન બાદ ભારત સહિત સમગ્ર ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. અને તે બાદ દેશ સહિત વિશ્વભરની હસ્તીઓએ ધોનીના કેરિયરના વખાણ કર્યા હતા. તેવામાં આજે ધોનીએ પોતાના ટ્વીટર એકાઉન્ટ પર એક પોસ્ટ કરી છે. પીએમ મોદીએ ધોનીનાં સંન્યાસને લઈ એક પત્ર લખ્યો હતો. ધોનીએ ટ્વીટ કરીને પીએમ મોદીનો આભાર વ્યક્ત કર્યો છે.

મહેન્દ્રસિંહ ધોનીએ ટ્વીટ કરતાં લખ્યું કે, એક કલાકાર, સૈનિક અને ખેલાડીને પ્રશંસાની કામના હોય છે. તે ઈચ્છે છે કે તેની મહેનત અને બલિદાનને સૌ કોઈ જાણે. આભાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી, તમારા તરફથી મળેલી પ્રશંસા અને શુભકામનાઓ માટે.

પીએમ મોદીએ ધોનીનાં નામે લખેલાં આ પત્રમાં લખ્યું છે કે, તમારામાં નવા ભારતની આત્મા ઝલકે છે, જ્યાં યુવાઓની નિયતી તેમના પરિવારનું નામ નક્કી કરતો નથી, પણ તે પોતે જ પોતાનું નામ હાંસલ કરે છે.

પીએમ મોદીએ લખ્યું કે, ૧૫ ઓગસ્ટે તમે તમારા સાદા અંદાજમાં એક નાનો વીડિયો શેર કર્યો જે સમગ્ર દેશમાં એક લાંબી અને ઝનૂની ચર્ચા માટે ઘણી હતી. ૧૩૦ કરોડ ભારતીયો નિરાશ છે, પણ સાથે જ જે તમે છેલ્લા દોઢ દાયકામાં ભારત માટે કર્યું તેના માટે તમારા આભારી પણ છે. તમારા કેરિયરને જોવાની એક રીત આંકડાના ચશ્માથી જોવાની છે. તમે ભારતીય ક્રિકેટના સૌથી સફળ કેપ્ટનોમાં સામેલ છો. ભારતને દુનિયાની ટોપની ટીમ બનાવવા માટે તમારું મહત્વપુર્ણ યોગદાન છે. ક્રિકેટના ઈતિહાસમાં તમારું નામ દુનિયાના સર્વશ્રેષ્ઠ બેટ્સમેનોમાં, સર્વશ્રેષ્ઠ કેપ્ટનોમાં અને નિઃસંદેહ સર્વશ્રેષ્ઠ વિકેટકીપર્સમાં આવશે.

પીએમ મોદીએ આગળ લખ્યું કે, મુશ્કેલ પરિસ્થિતિમાં તમારા પર નિર્ભરતા અને મેચને ખતમ કરવાની તમારી સ્ટાઈલ, ખાસ કરીને ૨૦૧૧ વર્લ્ડ કપ ફાઈનલ, પેઢીઓ સુધી લોકો યાદ રાખશે.

# મોદી સરકારના મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત કોરોના પોઝિટિવ

*ન્યુ દિલ્હી,તા.૧૯*

દેશમાં કોરોના દર્દીઓનો આંકડો ૨૮ લાખને પાર પહોંચી ગયો છે. તેની ઝપટમાં કેટલાંય વીવીઆઈપી પણ આવી રહ્યા છે. મોદી સરકારના વધુ એક મંત્રીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત કોરોના પોઝિટિવ મળ્યા છે. આની પહેલાં ગૃહમંત્રી અમિત શાહ, પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પણ કોરોના પોઝિટિવ આવ્યા હતા. ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું કે અસ્વસ્થતાના કેટલાંક લક્ષણ દેખાવા પર મેં કોરોના ટેસ્ટ કરાવ્યો અને મારો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ડૉકટર્સની સલાહ પર હોસ્પિટલમાં દાખલ થઇ રહ્યો છું.

# કુછ તો ગડબડ હૈ: પાયલટ કોંગ્રેસ કાર્યાલયે પહોંચ્યા તો ગેહલોતે જવાનું ટાળ્યુ..!!

*જયપુર,તા.૧૯*

રાજસ્થાનમાં એક મહિનાથી પણ વધારે ચાલેલા રાજકીય ઘમાસાણ બાદ આખરે ઘી ના ઠામમાં ઘી ઢળ્યું હતું. સચિન પાયલટ અને મુખ્યમંત્રી અશોક ગેહલોત વચ્ચે ઉભા થયેલા મતભેદ ઉકેલાઈ ગયા હોવાનું ચિત્ર ઉભુ થયું હતું. જોકે પાયલટ અને ગેહલોત વચ્ચે હજી પણ બધુ ઓલ વેલ ના હોવાનું આજે ફરી એકવાર સામે આવ્યું હતું.

રાજસ્થાન કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષપદેથી હાંકી કાઢવામાં આવ્યા બાદ આજે ગુરૂવારે પહેલીવાર સચિન પાઈલટ રાજસ્થાન કોંગ્રેસ કાર્યાલય પર પહોંચ્યા હતા. અહીં તેમણે દિવંગત પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ આવાના હતા પરંતુ છેલ્લી ઘડીએ તેમનુ આગમન રદ થયું હોવાનું જાણવા મળ્યું હતું.

રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ કમિટિએ જાહેરાત કરી હતી કે, આજે સવારે સાડા દસ વાગ્યે મુખ્યમંત્રી અશોક ગેહલોત કોંગ્રેસ કાર્યાલય પર આવીને સ્વર્ગીય વડાપ્રધાન રાજીવ ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરશે. પરંતુ અશોક ગેહલોત દેખાયા જ નહોતા. ગેહલોતના બદલે સચિન પાઈલટ કોંગ્રેસ મુખ્યાલય પર પહોંચ્યા હતા અને તેમણે રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાઈલટ આવતાંની સાથે જ મુખ્યમંત્રીના આગમન માટે જે પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો એ તુરંત ખસેડી લેવામાં આવ્યો હતો.

સચિન પાઈલટે રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ કહ્યું હતું કે રાજીવ ગાંધી ૪૦૦ બેઠકો સાથે સંસદીય ચૂંટણીમાં વિજેતા નીવડ્યા હતા છતાં માત્ર બે બેઠક ધરાવતા ભાજપને પણ પૂરતું સન્માન આપતા હતા. એવા વડાપ્રધાન મળવા મુશ્કેલ છે. આજે ભાજપ કોંગ્રેસ મુક્ત ભારતની વાત કરે છે.

# રામરાજ્ય અને ન્યાયની શોધમાં

હમણાંજ ભારતના લોકોએ ૧૫મી ઓગસ્ટ ની ઉનાવણી કરી. ભારત ઉપરાંત દુનિયાના દેશોએ ટીવી ઉપર વડા પ્રધાનને લાલા કાર્પેટ ઉપર એક ઐતિહાસિક લાલા કિલ્લા ઉપરથી એક શાનદાર ભગવા ફેટમાં ભષણ આપી ઉતરતા જોયા. આ ભભકાદાર પ્રદર્શન, અને ખાસ કરી હમણાંજ અયોધ્યામાં રામ મંદિર ની પેહલી ચાંદીની ઈંટથી શીલા રોપણ થયું હોવાથી છાતી ગર્વથી ફૂલી જાય તો નવાઈ ના કહેવાય. એક ભાગવા રંગની ભાવના કેવાઈગઈ હોએ તેમ લાગતું હતું. ભારત વર્ષને એક રામ રાજ્ય ની કલ્પનામાં સ્વપ્ર સેવતા લગતા હતા. કેટલાક તો એમ પણ માનતા લગતા હતા કે જાણે પ્રભુ શ્રી રામ જાતેજ એક હિંદુત્વના રૂપ લેખી રથમાં આ કાર્ય કરવા પધારતા હતા!!

ભારતના હિન્દૂ આસ્થામાં વિશ્વાસ રાખનાર લોકોને હિન્દુત્વ ના નામે રાજકારણીય એકતાનો મોટો મોહલ બનાવા નો મોકો - ઓપોર્ટ્યૂનિટી- વાળી ઈવેન્ટ ખુબજ ચાલાકીથી સફળતા પૂર્વક ચલાવાઈ લગતી હતી. ઘણા એવું પણ કહે છે કે તમે દેશભક્ત નથી અને આપણા ધર્મને વગોવો છે. હિન્દૂ ધર્મમાં આપણને પ્રશ્ન કે શંકા દર્શાવવાની છૂટ આપવામાં આવી છે. પ્રજાએ શ્રી રાજા રામ તરફ પણ ત્યારે પ્રશ્ન પૂછાયા હતા અને માતા સીતા ને પણ પોતાની પવિત્રતા માટે અગ્નિ પરીક્ષા આપવી પડી હતી. અને લક્ષ્મણજીએ એક રેખા પણ દોરી હતી. આમ હિન્દૂ ધર્મના ગ્રંથો આપણે ઘણુ શીખવાડી દેછે. વ્યક્તિગત વર્તન - કન્ડક્ટ- એ ધર્મ ની લક્ષમણ રેખા છે. અને રામરાજ્ય ની વ્યાખ્યા માનવ ધર્મ નો ઉદ્દેશ આપે છે. આજના જે લોકો રામરાજ્ય ની વાતો કરતા હોયછે તે મને રામરાજ્ય ના વીવેકો તરફ મન કોઈ આદર નથી. બોલો શ્રી રામ કે જાય શ્રી મોદી ના બોલો તો મારઝુડ ઉપર ઉતરી આવનારા પોતાને રામ ભક્તો કિહવડાવે છે? પોલીસ ની હાજરીમાં લોકોના ઘરો બળાય છે અને કુરુમ્બમાં વૃદ્ધ, સ્ત્રીઓ કે નાના બાળકોને પણ કોમવાદની આતંકવાદી હુમલાઓથી પોતાના રાજકીય ફાયદાને લેવામાટે હોમમાં દેવામાંય રામરાજ્યનો સ્થાપના દેખાય છે. જો કોઈ આવી વાત કરે તો તરત વાત ને નહેરુ, ગાંધી અને રાહુલ ઉપર લઈજાય અને કોંગ્રેસ નો આખો ઈતિહાસ તોડીમરોડી રજુકરી, ઝગડવા બેસી જાય છે. વધારે ફંડફાડો તો તમને નોકરીમાંથી પણ હાથ ધોવા નો વારો લાવી દે છે. પછી તો ટેક્સવાળા અને સી.બી.આઈ બધાને તમારા ઘરની ચાય યાદ આવી જાયછે અને ચાય પે ચર્ચા કરવા આ આવી જાય છે.

રામરાજય માં પ્રભુ શ્રી રામ, એક રાજા તરીકે પોતાનીસામે થયેલી ટીકા ની સામે કેવી રીતે ન્યાય આપતા એ પણ આ જમાનામાં કોઈને સમજવું જ નથી. હમણાંનું એક નવું તુત ચલાવાય છે જેમાં સરકારના પક્ષના સમર્થકો એમ વાવડ મૂકે છે કે સુપ્રીમ કોર્ટ ના ઉપર કોઈ ટીકા થાય નહિ. ઈન્દિરા ગાંધી એ ત્યારના સર્વિચ ન્યાયાધીશ ને જબરજસ્તી થી જજમેન્ટ કરાવી દેતા હતા એમ કેહવામાં કોઈ તકલીફ નથી પડતી? અત્રે યાદ રહે કે ભારત ચાર મોટા ન્યાયાધીશો જાહેરમાં કૉન્ફ કરી દેશને સાવચેત કર્ય હતા કે દેશનું બન્ધારણ ખતરામાં છે! પણ ઉલ્ટા તેમના ઉપરલોકો તૂટી પડ્યા હતા. આજે રાજકીય નિર્ણયો જે લોકસભામાં લેવાવા જોઈએ તે આડકતરી રીતે કોર્ટ પાસે લેવડાવામાં આવે છે. આ કોઈ ખોતી વાત તો નથી જ. જે રાજકીય સકંજામાં ના આવે તેને કોર્ટના કકરો ચક્કરો કઢાતો કરી, વાજતે ગાજતે પોલીસ પકડી મીડિયા સામે પકડી જાય છે. જયારે, ચોર ઉચ્છકકા, ખૂનીઓ, બળાકારીઓ પૈસા અને રાજકીય કનેકશનો ની આડમાં ક્યાંતો કેસો લંબાવવામાં આવેછે ક્યાંય તો સગવડિયા બેલ ઉપર છોડી પછી છેવટે ક્લીન ચિટ મળી જાય છે. આજે આને રામ રાજ્ય બનાનવા માટેનો પાયો તૈયાર થવાની વાતો ફેલાવાય છે.

ગમે તેમ કહો પણ આ પીએમ કેરમાં ભીનું સંકેલાઈ ગયુ લાગે છે. વરમારો કે કન્યા, ભુવાએ છેવટે તો નાળિયેર ઘર ભાણીજ નાખ્યું લાગે છે. ન્યાયાલય કે કોઈ ન્યાયાધીશ ની ટીકા ના થઈ શકે કારણકે તે હવે ગેર કાનૂની થી જતા વાર ના અલાગે! પણ ન્યાય ની છણાવટ તો થવીજ જોઈએને? જો ન્યાય માં એવું કર્યુ હોત કે આ પી.એમ કેર નું એકાઉન્ટનું ઓડિટ નામદાર કોર્ટની દેખરેખ નીચે કરવાનો આદેશ અપાયો હોત તો લોકોએ જે આસ્થાથી ડેન આપ્યા છે તને સંતોષાત. અને પછી રાજકીય ઘાલમેલની કોઈ ગુંજાઈશ પણ ના રહી હોત. બીજુંકે, આ ચેરિટી વ્યવશ્થા ની જબદરી ઉપર પણ કોઈ પ્રશ્નો કેમ નથી ઉઠાવાયો?

મોટાભાગની વિકસેલી લોકશાહીમાં ચેરિટી કમિશન જયારે રોયલ, યુનિવર્સિટી, મેડિકલ અને પ્રાયમિનિસ્ટર જેવા શબ્દો ઉપર રિસ્ટ્રિકશન મુકત હોય છે.

નામદાર કોર્ટે જો ચેરિટી ઓથોરિટીને કેટલીક જરૂરી ગાઈડન્સ પણ આપિહોત અને પિ.એમ ઓ કે બીજા મિન્સ્ટરોની ને આવી ચેરિટીમાં જવાબદરી વળી જગ્યા લેવી કે નથી તેના ઉપર પણ એક ઉડી છણાવટ કરી ગાઈડન્સ આપી હોત તો આ વાત જયારે લોક્સભામાં આવે ત્યારે મદદ થઈ રહે. આવીજ વાત આ રફાયલ લડાકુ વિમાનોની બાબતમાં સરકારે કાર્પશ ક્લોઝ પણ ખસેડી નાખ્યું પણ ન્યયાલયે તેના તરફ પણ આખા આડા કાં કરી દીધા હતા. આજકાલ એપણ લાગેછે કેજો કોઈ ન્યાયાલાય કે કોઈ ન્યાયધીશ સામે આંગળી ચિંધે તો સંદેશો લાવનાર ને જ સકંજામાં લેવાય તે બારાબર નથી. આમ રહે તો ભવિષ્યમાં કોઈની હિમત્ત નહિ થાય ભલે પછી કોઈ ન્યાયધિશો ગેર વહેવાર કરતા હોઈ કે લંચ લેતા હોઈ? મારી તો એક જ સલાહ છે કે આ પ્રશાંત ભૂષણે સમાજદારી વાપરી વિચારવા જેવું છે, જો હમણાં તે ભાજપમાં જોડાઈ જાય તો આ બધું બોલ્યું ચાલ્યુ ભુલાઈ જાય તો કોઈ નવાઈ ની વાત નથી. આલ્યા ભુષણ જી સમજી જાવ નહીતો આ લોકો તમને રાજકીય જોરે રેશિનાખશે! દુઃખની વાત તો એ છે કે, રામરાજ્ય ની વાતો કરતા તેમના હિન્દૂ રાષ્ટ્ર બનાવનાઈ તૈયારીના અખાડામાં રામ રાજ્ય ના મૂલ્યો અને રાજાનું વાણી,વિચાર અને વર્તનનો પાઠઃ અધૂરા ભણાવવામાં આવતા લાગેછે. જ્યાં રાજા શ્રી રામના એક એક શબ્દો અને કર્યો પાછળ ના વિચારો ની જે આધ્યાત્મિક દ્રષ્ટિએ કિંમત છે તેનાથી આજે એક પણ ચાટો પણ નથી દેખાતો. વડાપ્રધાન ના એક એક શબ્દો માં નિર્મળતા અને સત્યની વસ હોવી જરીરુ છે. પોતાના પ્રીધ્વન્ધીઓ, વિરીધીઓ પ્રત્યે સત્ય હકીકત ના ખુલાસા કરવાની ક્ષમતની આશા જનતા, જો રામ રાજય તરફ જવાના ઈશારા કરાતા હોઈ, તો કેમ ના રાખે. રામાં આવતારમાં રામને નામે પથ્થર તર્યા હતા. અને એમ પણ માનવું સાચું ગણાય કે રામજીની વાનરસેના ની તેમના પ્રયતની નિષઠા તો હતી પણ તે તો આ મર્યાદા પુરુષ ની નિર્મળતા અને એ પરુષોત્તમ રાજાની ક્ષમતા ને પૂજાતી હતી. રામના નામે નાખેલા પથ્થર તારે તેનું થોડું સમજવા જેવું છે. આ પથ્થરો એક ખાસ પ્રકાર ની શ્રીરામ ના નામની સાથે જોડાયેલ બધીજ મર્યાદા, સત્ય, ન્યાય અને નિર્મળતાની આધ્યાત્મિક શક્તિ નું પ્રતીક હતું, આપણે આ પથ્થરોનું મહત્વ જ ઉંધુ સમજીએ છીએ. અને આજે એક 'ગુડ ગરનન્સ ની વાતો તો બાજુપર રહી ગઈ છે પણ ગુંડા, ચોરો, ખૂની અને બળાત્કારીના આક્ષેપો વાળાને સત્તા સોંપવામાં આવીછે. આવીછે આજની વન સેનાએ, જે રામને નામે પોતાની રાજકીય પથ્થરો જનતાના મહીસાગરમાં તારાવવા માંગે છે. અને તેનેજ વોટ આપીએ છીએ કે તે રામરાજય બનાંવાના નામે આપણે અંધારા માં રાખી એક હિન્દૂ રાષ્ટ્ર ના નામ પથ્થરો તરતા દેખાડી સત્તા મેળવી અને તેને ઉપર પક્કડ રાખવા ઉપયોગ કરી રહ્યા છે. માટે રાજકારણ વાળું હિન્દુત્વ ને ભારતના બંધારણ ની સામે જોખવાનું બંધ કરી, આપણા સવિધાની રક્ષા કરવી જરુરુ છે. કારણે કે તેના સિદ્ધાંતોમાં ન્યાય, સમાનતા અને માનવતાનો સંદેશ અને અધિકારો છુપાયેલા છે. તે એક વાર જતા રહેશે, તો ભારત રાજ્ય એક ગુંડા દ્વારા ચાવતું એક હથ્થું રાજ્ય બનિ જાય તો નવાઈ નથી. આમ જોવ જાવ તો સાચે જ હિન્દૂ ધર્મનો તો ખાલી રાજકાર માટે ઉપયોગ જ થઈ રહ્યો છે.

બીજી એક નવી વાનર સેનાએ ઉભી કરાઈ છે જે છે આજનું વીચી ગયેલું પત્રકારત્વતા જે નું વર્તન એક માર્કેટિંગ કરવા સીમિત રહી ગયું છે. જે તેમની પેનમાં સહી ભરવા પૈસા આપે તેના મુજબ લખવાનુંએક લોકશાહીની સેવા કારનું વ્યાજબી ગણે છે. પછી ભલે લખો યુવાનીનો નોકરીની શોધમાં ભટકતા રહી ગયા હોય કે મોવારી માથે ચડી પોકારતી હોઈ, નોકરતી ધંધા ચોપટ થતા હોય પણ ફક્ત સબ કુછ ચન્ગા હે અને વાહ... વાહ.. ના નારા બનાવવમાં મશગુલ રેટ હોઈ છે.

લિ બુદ્ધદેવ પંડ્યા **MBE**
યુનાઈટેડ કિંગડમ.

### ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના સૌરાષ્ટ્ર પ્રવાસના બીજા દિવસે તેમની અધ્યક્ષતામાં

# જૂનાગઢ જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે જૂનાગઢ જિલ્લા સંગઠનના પદાધિકારીશ્રીઓ અને કાર્યકર્તાઓ સાથે સંગઠનલક્ષી બેઠક યોજાઈ

**જૂનાગઢ જિલ્લા સંગઠનની બેઠક બાદ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જુનાગઢ સ્થિત ઐતિહાસિક નરસિંહ મહેતાના ચોરાની મુલાકાત લીધી હતી.**



આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના સૌરાષ્ટ્ર પ્રવાસના બીજા દિવસે તેમની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે જૂનાગઢ જિલ્લા સંગઠનના પદાધિકારીશ્રીઓ અને અપેક્ષિત કાર્યકર્તાઓ સાથે સંગઠનલક્ષી બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફિયા, રાજય સરકારના મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડા, સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, પ્રદેશ મંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું જૂનાગઢ જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે સ્થાનિક આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓ દ્વારા હર્ષોલ્લાસ સાથે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જૂનાગઢ જિલ્લા કાર્યાલય પહોંચ્યા પૂર્વે રાજય સરકારનાં પૂર્વ આરોગ્ય મંત્રી શ્રીમતી હેમાબેન આચાર્ય સાથે શુભેચ્છા મુલાકાત કરી આશીર્વાદ લીધા હતા. શ્રી સી.આર.પાટીલે સૌરાષ્ટ્ર વિસ્તારના વિવિધ સ્વામિનારાયણ મંદિર તેમજ ગુરુકુળના પૂજ્ય સંતશ્રીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી, સૌ પૂજ્ય સંતશ્રીઓએ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલને આશીર્વચન પાઠવ્યા હતા. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે અંતરના આશીર્વાદ આપવા બદલ ધન્યતાની લાગણી સાથે સર્વે સંતશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. બેઠક બાદ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જુનાગઢ સ્થિત ઐતિહાસિક નરસિંહ મહેતાના ચોરાની મુલાકાત લીધી હતી. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જૂનાગઢ જિલ્લા ભાજપા સંગઠનને વધુ મજબૂત કરવા બેઠકમા ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને આવશ્યક સૂચનો કરી વિવિધ મુદ્દે છણાવટ કરીને વધુમાં વધુ નાગરિકોને ભાજપાની પ્રજાભિમુખ, રાષ્ટ્રવાદી વિચારધારા સાથે જોડવા સંગઠનલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સંગઠનની અસરકારક વ્યવસ્થાપન પ્રણાલીથી કોઈપણ ચૂંટણીમાં જીતના માર્જિનમાં મોટા પાયે વધારો થઈ શકે છે. ભાજપાનો પ્રત્યેક કાર્યકર કોઈપણ લક્ષ્ય હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, આપણે સૌએ સંયુક્ત અને પ્રામાણિક પ્રયાસોથી કાર્ય કરી જૂનાગઢ સહિત રાજયના પ્રત્યેક વિસ્તારમાં, પ્રત્યેક બુથમાં મતદારયાદીના પ્રત્યેક પેજ ઉપર ભાજપાનું પ્રભુત્વ સ્થાપિત કરવાનું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણમાં કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા આજે જનહિતની ૪૦૦ થી વધુ યોજનાઓ કાર્યરત છે, તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજય સરકાર દ્વારા લોકકલ્યાણની અનેકવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. આ પ્રત્યેક યોજનાનો લાભ ટેકનોલોજીના ઉપયોગ થકી રાજયના તમામ લાભાર્થીઓને અપાવવાની ચિંતા કરી, યોગ્ય કાર્યપધ્ધતિ સાથે કાર્ય કરવા ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાને આહવાન કરું છું.

### અંધશ્રદ્ધાનો કાળો કેર

# ભિલોડાના જેતપુર ગામે વૃદ્ધા ડાકણ હોવાનો વ્હેમ રાખી ભત્રીજા અને તેના પરિવારે હુમલો કરતાં વૃદ્ધ દંપતી ઈજાગ્રસ્ત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

૨૧ સદીનાં વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં મંગળ પર જીવનની શોધ કરતા માનવ, ભૂત-પ્રેત અને ડાકણના વહેમમાં પરિવારને છિન્ન ભિન્ન કરી નાંખતા બનાવ બને ત્યારે વિચિત્ર લોક માન્યતાઓ સ્હેજેય સમાજમાં ઘર કરી ગયેલી હોવાની અનુભૂતિ થયા વગર રહેતી નથી.આવીજ એક ઘટના અરવલ્લી જીલ્લામાં બની હતી ભિલોડા તાલુકાના જેતપુર ગામે રહેતા વૃદ્ધ પતિ-પત્ની પર તેના સગ્ગા ભત્રીજા અને તેના પરિવારજનોએ હુમલો કરતા વૃદ્ધ દંપતી ઈજાગ્રસ્ત થયું હતું તેમજ વૃદ્ધાને જાનથી મારી નાખવાની ધમકી આપતા વૃદ્ધ દંપતી ફફડી ઉઠ્યું હતું આ અંગે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા ભિલોડા પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ભિલોડાના જેતપુર ગામે રહેતા કકવાજી નાથાજી ગામેતી અને તેમના પત્ની ખેતીકામ કરી જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે તેમની નજીક રહેતો તેમનો ભત્રીજો ચિરાગ તુલસીભાઇ ગામેતી તેની વૃદ્ધ કાકી ડાકણ હોવાનો અને તેના છોકરાઓને હેરાન કરે છે તેવો વ્હેમ રાખી લાકડી લઈ કકવાજી ના ઘરે લાકડી લઈ મારવા પહોંચતા કકવાજી ગામેતી ઘર બહાર આવતા ચિરાગ લાકડી લઈ કકવાજી પર તૂટી પડ્યો હતો તેનું ઉપરાણું લઈ શારદાબેન કાનજીભાઈ ગામેતી અને કાનજીભાઈ નાથજી ગામેતી કકવાજી પર લાકડી અને ગડદા પાટુનો મારમારતા તેમની પત્ની ઘરમાંથી બહાર દોડી આવી વચ્ચે પડી મારમારતા બચાવી લેવામાં સફળ રહ્યા હતા અને ત્રણે આરોપીઓ જતાજતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી લાકડી અને ગડદાપાટુનો ભોગ બનેલ કકવાજીને ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા

ભિલોડા પોલીસે કકવાજી નાથજી ગામેતીની ફરિયાદના આધારે ૧) ચિરાગ તુલસીભાઇ ગામેતી, ૨) શારદાબેન કાનજીભાઈ ગામેતી અને ૩) કાનજીભાઈ નાથાજી ગામેતી વિરુદ્ધ ઈપીકો કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જીપીએક્ટ કલમ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

### શૈક્ષણિક હેતુ માટે ખેતીની જમીન ખરીદવા કલેક્ટરની પૂર્વ મંજૂરી નહીં લેવી પડે

# બિનખેડૂત પણ ખેતીની જમીન ખરીદી શકે: સરકારનો મહત્વનો નિર્ણય

*ગાંધીનગર,તા.૧૯*

ગુજરાત સરકારે આજે જમીન ખરીદી અંગે ગણોત કાયદાઓમાં મહત્વપૂર્ણ મહેસૂલી સુધારો કર્યો છે. રાજ્ય મંત્રીમંડળના નિર્ણય મુજબ સમગ્ર રાજ્યમાં હવે, કૃષિ યુનિવર્સિટી, પશુપાલન યુનિવર્સિટી, મેડિકલ કોલેજ, ઈજનેરી કોલેજ કે અન્ય શૈક્ષણિક હેતુસર ખેતીની જમીન ખરીદવા માટે જિલ્લા કલેકટરની પૂર્વ પરવાનગી કે મંજૂરી નહિં લેવી પડે. આવી જમીનની ખરીદી કર્યા બાદ એક મહિનામાં જિલ્લા કલેકટરને જાણ કરી બોનાફાઈડ ઈન્ડસ્ટ્રીયલ પર્પઝની જેમ જ જરૂરી પ્રમાણપત્રો મેળવીને નિયત સમયમાં પ્રોજેક્ટ કામગીરી શરૂ કરી શકાશે.

ભૂતકાળમાં આવી જમીન ખરીદી માટે બિન ખેડૂત સંસ્થાઓ કે વ્યક્તિઓ એ જિલ્લા કલેકટર પાસે મંજૂરી મેળવવાનું આવશ્યક હોવાના પરિણામે લાંબા સમય સુધી ટાઈટલ ક્લિયરન્સ, ઈન્સપેકશન વગેરેમાં જતો સમય અને પ્રોજેક્ટ શરૂ કરવામાં થતા વિલંબની સમસ્યાનો હવે આ નવી વ્યવસ્થામાં અંત આવશે. રાજ્યમાં બોનાફાઈડ ઈન્ડસ્ટ્રિયલ પર્પઝ માટે જો જમીન ખરીદી હોય, પરંતુ ઔદ્યોગિક હેતુનો ઉપયોગ શક્ય ન હોય તેવા કિસ્સામાં જીડીસીઆર(જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સ)ની જોગવાઈઓ મુજબ ઊદ્યોગ સિવાયના અન્ય હેતુ માટે પણ જમીન વેચી શકાશે. આ પ્રકારની જમીનોના કિસ્સામાં કંપનીના મર્જર, જોઈન્ટ વેન્ચર, એમાલગ્મેશન(એકીકરણ) કે પોતાની જ પેટા કંપની, ગૃપ કંપની અથવા સહયોગી કંપનીને તબદીલ કરાયેલ જમીન વેચાણ ગણવામાં આવશે નહિં. આ વ્યવહારોમાં જંત્રીની માત્ર ૧૦ ટકા કિંમત-પ્રિમિયમ ભરીને તબદીલ થઇ શકશે.

ડેટ રીકવરી-દેવા વસુલી, NCLT(નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ), લિકવિડેટર કે નાણાંકીય સંસ્થાઓ મારફતે થતી હરાજીમાં આવી જમીનો ખરીદનારે હરાજી હુકમના ૬૦ દિવસમાં જંત્રીના ફકત ૧૦ ટકા પ્રિમિયમ ભરવાનું રહેશે.

આ નિર્ણયથી ઊદ્યોગ સાહસિકો દ્વારા ખરીદવામાં આવેલી ખેતીની જમીનોના પ્રશ્નોનું નિવારણ થતાં પડતર રહેલી જમીનોનો કાર્યક્ષમ ઉપયોગ શક્ય બનશે. તેમજ વિકાસની નવી તકો-રોજગારીની નવી દિશા મળશે.



પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીજી ની જન્મ જયંતી નિમિત્તે વડતાલ ધામ સ્વામિનારાયણ મંદિર ધ્વારા અને ભગતસિંહ ઓલ ઈન્ડિયા યુથ કાઉન્સિલર ના પ્રમુખ અલ્પેશભાઈ પુરોહિત ના માર્ગદર્શન હેઠળ , અને કઠલાલ શહેર કોંગ્રેસ પ્રમુખ દિલીપસિંહ ચૌહાણ , કપડવંજ વિધાનસભા યુવા કોંગ્રેસ પ્રમુખ , ભગતસિંહ ઓલ ઈન્ડિયા યુથ કાઉન્સિલર ખેડા જિલ્લા સદસ્ય ઉમંગ પટેલ અને કઠલાલ તાલુકા કરણી સેના પ્રમુખ ચંન્દ્રસિંહ ચૌહાણ અને એન.એસ.યુ.આઇ ટીમ અને ભગતસિંહ ઓલ ઈન્ડિયા યુથ કાઉન્સિલર ટીમ દ્વારા ઠંડા બદામ તેલ ની બોટલ નું વિતરણ કરવામાં આવ્યું .



વલસાડ ના કપરાડા તાલુકામાં ભારે વરસાદ થતા તાલુકાની કોલક પાર દમણગંગા નદી ભારે પુરની સ્થિતિ નદીના કોઝવે રોડ પર પાણી ફરી વળિયા કપરાડા અને પારડી ગામડા કોલક નદીના કોઝવે પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો રોજિંદા કામદારો વાહન ચાલકો જાનના જોખમમાં મૂકી કોઝવે પર થી જઈ રહ્યા છે.સતિષ પટેલ

### ભૃગુવેન્દ્રસિંહજી કુંપાવત ને

# હિંદુ યુવા સંગઠન ઉત્તર ગુજરાતના અધ્યક્ષ બનવા બદલ સર્વે સમાજના અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું



સર્વે સમાજ નું હિત વિચારનાર અને ગરીબો ને મદદ માટે હર હંમેશ ઉભા રહેનાર ભૃગૂવેન્દ્ર સિંહ કુંપાવત ને હિંદુ યુવા સંગઠન ભારત ના રાષ્ટ્રીય અધ્યક્ષ રઘુવીર સિંહ જાડેજા દ્વારા ઉત્તર ગુજરાત ના અધ્યક્ષ બનાવવાની જાહેરાત થતા હિંદુ યુવા સંગઠન સાબરકાંઠા ની ટીમ અને જિલ્લા ના સર્વે સમાજ અને હિંમતનગર ના અગ્રણીઓ એ આનંદ ભેર સાફો ફૂલહાર ની માળાઓ પહેરાવી અને તલવારો આપી સન્માન કર્યું હતું,

ભૃગુવેન્દ્રસિંહજી કુંપાવત આજ દિન સુધી સાબરકાંઠા અરવલ્લી માં હરેક સમાજ ના ગરીબ, વિધવા, બાળકો, દિવ્યાંગ પરિવારો ને અભ્યાસ, કરિયાણા, બીમારી, અને આર્થિક મદદ માટે હંમેશા ઊબ? રહ્યા છે, એમને અધ્યક્ષ પદ મળવાથી સર્વે સમાજ માં ખુશી નો માહોલ છવાયો છે, આ કાર્ય માં હિંદુ યુવા સંગઠન ની ટીમ અને સર્વે સમાજ ના હોદ્દેદારો જોડાયા હતા

# ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓની માર્કશીટ સ્પીડ પોસ્ટથી ઘરે મોકલાશે

*ગાંધીનગર,તા.૧૯*

હાલ ગુજરાત સહિત આખા દેશમાં કોરોના મહામારીના કારણે અનેક મોટા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે, ત્યારે ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે વિદ્યાર્થીઓના હિતમાં એક મોટો નિર્ણય લીધો છે. હવે ધોરણ, ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને માર્કશીટ સ્પીડ પોસ્ટથી મોકલવાનો નિર્ણય બોર્ડ દ્વારા લેવામાં આવ્યો છે.

આ સિવાય વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર માઈગ્રેશન પણ સ્પીડ પોસ્ટથી મોકલવાનો નિર્ણય લીધો છે. પરંતુ તેના માટે વિદ્યાર્થીઓએ બોર્ડની વેબસાઈટ પર જઈને આ બે વસ્તુઓ માટે ઓનલાઈન અરજી કરવી પડશે. કોરોનામાં વિદ્યાર્થીઓ ભેગા ન થાય તે માટે ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ નિર્ણય લેવાયો છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, કોરોના વાયરસમાં વિદ્યાર્થીઓ એક સાથે ભેગા ન થાય તેના માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના પરિણામનાં ગુણપત્રક અને પ્રમાણપત્ર સ્પીડ પોસ્ટથી બોર્ડ દ્વારા મોકલી આપવાનો નિર્ણય કર્યો છે. જેથી હવે કોઈ વિદ્યાર્થીઓએ કોરોનામાં પ્રમાણપત્રો લેવા જવા માટે બહાર નીકળવું પડશે નહીં. વિદ્યાર્થીઓએ પ્રમાણપત્ર માટે GSEBની વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

# સિદ્ધપુર કોંગ્રેસ દ્વારા પૂર્વ પ્રધામંત્રી સ્વ. શ્રી રાજીવ ગાંધીની જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી



આજ રોજ સિદ્ધપુર કોંગ્રેસ કાર્યાલય ખાતે ભારત ના પૂર્વ પ્રધામંત્રીશ્રી અને કોંગ્રેસ ના બાહોશ નેતા સ્વ. શ્રી રાજીવ ગાંધી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી તેમને શ્રધાંજલિ પાઠવી હતી. જેમાં સિદ્ધપુર ધારાસભ્ય શ્રી ચંદનજી ઠાકોર સાહેબ, GPCC મંત્રીશ્રી ઈબ્રાહિમભાઈ ચરોલિયા, GPCC મહિલા મંત્રીશ્રી જયાબેન શાહ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અભેસિંહ ઠાકોર, શહેર પ્રમુખ શ્રી અમરસિંહ ઠાકોર, શહેર પ્રભારી બિપીનભાઈ દવે, જિલ્લા યુથ મંત્રી દિપકભાઈ બારોટ, સિદ્ધપુર શહેર યુથ પ્રમુખ ભુરાભાઈ પઠાણ, તાલુકા પંચાયત પ્રમુખ કાંતિજી ઠાકોર, મુસ્લિમ અગ્રણી રશીદભાઈ કુરેશી, પૂર્વ શહેર પ્રમુખ હર્ષદભાઈ પાધ્યા, જયદીપસિંહ ઠાકોર, પ્રકાશજી ઠાકોર જેવા કોંગ્રેસ ના આગેવાનો કાર્યકરો હાજર રહ્યા.

# દાંતા તાલુકાના ખેરોજ મુકામે તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

દાંતા તાલુકાના ખેરાજ મુકામે પ્રાથમિક શાળામાં દાંતાના ધારાસભ્યશ્રી કાંતિભાઈ ખરાડીના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાના ૭૧ માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તાલુકા કક્ષાના વન મહોત્સવ અંતર્ગત દાંતા ધારાસભ્યશ્રી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી અશ્વિનભાઇ ચૌધરી, ઉપપ્રમુખશ્રી કાંતિભાઇ, તા. પંચાયત કારોબારી સમિતિના ચેરમેનશ્રી જાકીરભાઇ, અગ્રણીઓ સર્વશ્રી સફીફભાઇ, શ્રી અજીતસિંહ, ફોરેસ્ટ ઓફીસરશ્રી પી. ડી. ચૌધરી સહિત અધિકારીઓ અને અગ્રણીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી કાંતીભાઈ ખરાડીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે, આદિવાસી સમાજ આદિ-અનાદી કાળથી પ્રકૃતિની વચ્ચે રહી જંગલોનો સંવર્ધક રહ્યો છે. તેમણે વૃક્ષોનું મહત્વ સમજાવી લોકોને વૃક્ષો વાવવા જણાવ્યું હતું. આ પ્રસંગે વન વિભાગ દ્વારા ગામલોકોને વિનામૂલ્યે રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્યશ્રીએ રોપા વિતરણ માટેના ટ્રેક્ટરને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. વન મહોત્સવની ઉજવણી પ્રસંગે દાંતા તાલુકાના અગ્રણીઓ, વન વિભાગ અને શાળાનો સ્ટાફ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.



સમસ્ત જૂનાગઢ ગીર સોમનાથ ના અગ્રણી દિલીપભાઈ સોજીત્રા દ્વારા નવા વરાયેલ પભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ નું ખોડલધામ ખાતે આશરે ૬૫ લાખ રૂપિયા ની ચાંદી ની પાટો મૂકી રજત તુલા કરી ને સ્વાગત કરવામાં આવ્યું....

# રાજ્યમાં RTE એડમિશન શરૂ, એક દિવસમાં ૫ હજારથી વધુ ફોર્મ ભરાયાં

*ગાંધીનગર,તા.૧૯*

રાજ્યમાં ગરીબ બાળકોને સારી શાળામાં પ્રવેશ મળી શકે તે માટે સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન નિયમ કરવામાં આવ્યો છે. રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત એડમિશન લેવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં પ્રથમ દિવસે જ પાંચ હજારથી વધુ અરજીઓ મળી છે.

આ બાબતે પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.આઈ. જોષીએ જણાવ્યું હતું કે, ધોરણ-૧ના બાળકો માટે રાઈટ ટુ એજ્યુકેશનના પ્રવેશમાં ઓનલાઈન ફોર્મ ભરવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે જ પાંચ હજારથી વધુ ફોર્મ પ્રાપ્ત થયાં છે. જ્યારે આ સમગ્ર અરજી ફોર્મ ફક્ત ઓનલાઈન જ ભરવાના રહેશે. જ્યારે દર વર્ષે ફોર્મ ભર્યા બાદ દરેક જિલ્લામાં રીસીવિંગ સેન્ટર ઉભું કરવામાં આવે છે કે, જ્યાં જઈને વાલીઓ પોતાના દસ્તાવેજ જમા કરાવી શકે.

જો કે, આ વર્ષે covid-19 પરિસ્થિતિને ધ્યાનમાં લઈને રીસીવિંગ સેન્ટર રાખવામાં આવ્યાં નથી. જ્યારે તેના ઓપ્શનમાં વાલીઓએ પુરાવા સ્કેન કરીને ઓનલાઈન જ એટેચ કરવાના રહેશે, ત્યારબાદ ફોર્મની ચકાસણી કરીને ફોર્મ રિજેક્ટ કરવું કે સ્વીકારવું તેની જવાબદારી જિલ્લા કક્ષાની રહેશે. જ્યારે આ વર્ષે કોઈ પણ પ્રકારની ફરિયાદ હજી સુધી આવી નથી. આ ઉપરાંત જો કોઈને પ્રશ્ન અથવા તો સમસ્યા હોય તો તેઓ માટે હેલ્પલાઈન નંબરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.